અમરેલી જિલ્લાની પાંચ ન.પા.ની ચૂંટણી માટે છેલ્લા દિવસે ૨૮૨ ફોર્મ ભરાયા

જિલ્લા પંચાયતમાં ૮૧ અને તા.પં. ૩૩૪ ફોર્મ ભરાયા

અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડવા ઉમેદવારી કરવા આજે ફોર્મ ભરવાના છેલ્લા દિવસે અમરેલી જિલ્લાની પાંચ નગરપાલિકા માટે કોંગ્રેસ ભાજપ,એનસીપી,આપ અને અપક્ષ સહીતના પક્ષમાંથી ના ઉમેદવારો દ્વારા કુલ ૨૮૨ ફોર્મ ભરાયા હતા,જયારે જિલ્લા પંચાયત માટે ૮૧ અને અગિયાર તાલુકા પંચાયત માટે આજે ૩૩૪ ફોર્મ ભરાયા હતા.જિલ્લાની પાંચેય પાલિકામાં અત્યાર સુધી ૫૩૯ ફોર્મ ભરાયા છે જયારે જિલ્લા પંચાયત માટે કુલ ૧૪૦ અને તાલુકા પંચાયત માટે ૭૩૧ ફોર્મ ભરાયા છે..

અમરેલી જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડવા ઉમેદવારી કરવા માટે આજે ફોર્મ ભરવાના છેલ્લા દિવસે અમરેલી નગરપાલિકાના અગિયાર વોર્ડમાંથી કોંગ્રેસ ભાજપ અને એનસીપી તથા આપ સહીત ના પક્ષમાંથી ફોર્મ ભરવાના છેલ્લા દિવસે કુલ ૧૨૫ ફોર્મ ભરાયા હતા પાલિકા માટે ૪૪ સભ્યોની ચૂંટણી માટે અત્યાર સુધીમાં ૧૮૦ ફોર્મ ભરાયા છે,જયારે બાબરા પાલિકાની ૬ વોર્ડની ૨૪ સભ્યોની ચૂંટણી માટે કુલ ૭૦ ફોર્મ ભરાયેલ છે,તેમજ બગસરા પાલિકાની ૭ વોર્ડની ૨૮ ચૂંટણી માટે કુલ ૮૭ ફોર્મ ભરાયેલ છે,

જયારે સાવરકુંડલા નગરપાલિકાની ૯ વોર્ડની ૩૬ સભ્યો ચૂંટણી માટે કુલ ૧૧૭ ફોર્મ અત્યાર સુધીમાં ભરાયેલ છે. જિલ્લા પંચાયતની ૩૪ બેઠક માટે આજે છેલ્લા દિવસે ૮૧ સહીત કુલ ૧૪૦ ફોર્મ જયારે ૧૧ તાલુકા પંચાયતની ચૂંટણી માટે આજે ૩૩૪ ફોર્મ સહીત અત્યાર સુધીમાં ૭૩૧ ફોર્મ ભરાયેલ છે,હવે ચૂંટણી લડવા મેદાનમાં કેટલા ઉમેદવારો રહે છે તે ફોર્મ રિજેક્ટ અને પરત ખેંચવા બાદ ૧૬ તારીખે ખ્યાલ આવશે.

ઉમેદવારોની પસંદગી કરવામાં નિરીક્ષકોને નવનેજા આવી ગયા

ભરૂચ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં અહમદ પટેલ સહિતના દિગ્ગજોની વર્ચાતી ખોટ

મર્હૂમ અહમદ પટેલ, ઈકબાલ પટેલ, મહંમદ પટેલ તથા સ્વ. જયેશ પટેલની દુનિયાથી વિદાય બાદ કોંગ્રેસમાં લીડરશીપનો અભાવ, આંતરિક કલહ વધ્યો

ભરૂચ, તા.૧૩

સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભરૂચ જિલ્લામાં પ્રથમ વખત ૪ પટેલ પાવરની ગેરહાજરીમાં કોંગ્રેસ દિશાશૂન્ય જોવા મળી રહી છે. રાષ્ટ્રીયથી સ્થાનિક સ્તરે મર્હૂમ અહમદ પટેલ, સ્વ. જયેશ પટેલ, મર્હૂમ ઈકબાલ પટેલ અને મર્હૂમ મહંમદ પટેલની ગેરહાજરીમાં યોજાઈ રહેલી પ્રથમ ચૂંટણીમાં કોંગ્રેસને લીડરશીપની કમી વર્તાઈ રહી છે.

ગુજરાતની સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ભરૂચ જિલ્લામાં આ વખતે કોંગ્રેસ શનિવારે ફોર્મ ભરવાના છેલ્લા દિવસે ગણતરીના કલાકો બાકી હોવા છતાં પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરી શક્યું નથી.

મેન્ડેટ વગર જ કોંગ્રેસે ભરૂચ જિલ્લાની ૪ પાલિકા, ૯ તાલુકા અને ૧ જિલ્લા પંચાયત માટે પોતાના ઉમેદવારોને ટેલિફોનિક જાણ કરતા શુક્રવારે કેટલીક બેઠકી પર કોંગી ઉમેદવારોએ પોતાના ફોર્મ ભરી દીધા હતા.

રાષ્ટ્રીય નેતા કોંગ્રેસના ટ્રબલ શૂટર અને ચાણક્ય ગણાતા મર્હૂમ અહમદ પટેલની ભરૂચ જિલ્લામાં પણ સ્થાનિક સ્વરાજની ચૂંટણી હોય કે વિધાનસભા, લોકસભાની ઉમેદવારોની પસંદગીમાં અહમ ભૂમિકા રહેતી હતી.

જો કે ભરૂચના પનોતા પુત્રનું ગત વર્ષે કોરોનામાં નિધન થયા બાદ યોજાઈ રહેલી પેહલી ચૂંટણીની સીધી અસર ભરૂચ જિલ્લામાં પણ કોંગ્રેસને પડી રહી છે. અહમદ પટેલ સાથે જ જિલ્લામાંથી આ પેહલી ચૂંટણી છે જે અન્ય ૩ કોંગી નેતાઓની ગેરહાજરીમાં નોંધાઇ રહી છે. જેમાં ઝાડેશ્વરના જયેશ પટેલ, વાગરાના પૂર્વ એમ એલ એ ઈકબાલ પટેલ અને ભરૂચના પૂર્વ એમ એલ એ મહમદ પટેલ (ફાંસીવાલા)ની ગેરહાજરીની અસર કોંગ્રેસને આ ચૂંટણીમાં પડી રહી છે.

રાષ્ટ્રીય ફલકથી સ્થાનિક સ્તર સુધી પાછલા ૫ વર્ષમાં કોંગ્રેસે અહમદ પટેલ સહિત ૪ પટેલ નેતા ગુમાવતા ભરૂચ જિલ્લામાં પક્ષ નેતાગીરીની તીવ્ર ખોટ અને દિશાસૂચનનો અભાવ જોવા મળી રહ્યો છે.

ભરૂચ તેમજ નર્મદા જિલ્લામાં આ જ કારણોને લઈ વિરોધ વંટોળ તેમજ ઉમેદવારોની પસંદગી કરવામાં પણ કોંગ્રેસને નવનેજા આવી ગયા છે. કોંગી આગેવાનો તેમજ કાર્યકરો પર અંકુશ રાખનાર, કોંગ્રેસને એકજુથ રાખનારા અને જેના નિર્ણય પથ્થરની લકીર સમાન ગણાતા હતા એવા માનનીય અહેમદ પટેલની વિદાયથી હવે સ્થાનિજ સ્તરે પક્ષમાં કોઈ સર્વગ્રાહ્ય નેતાગીરી નજરે પડતી નથી.

સાબરકાંઠા જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે કુલ ૧૦૭૨ નામાંકનપત્રો ભરાયા

હિંમતનગર, તા.૧૩

સાબરકાંઠા જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના ભાગરૂપે આજે ઉમેદવારીપત્રો ભરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે, ત્યારે કુલ ૧૦૭૨ ઉમેદવારીપત્રો ભરાયા છે. જો કે, આઠ તાલુકા પંચાયતોની ૧૭૨ બેઠકો માટે ૬૮૦ ઉમેદવારીપત્રો ભરાયા છે, જયારે જિલ્લા પંચાયતની ૩૬ બેઠક માટે ૧૬૨ ઉમેદવારીપત્રો ભરાઈ ચૂકયા છે અને ત્રણ નગરપાલિકાઓની અંદાજે પર બેઠકો માટે કુલ ૨૩૧ ઉમેદવારીપત્રો ભરાયા છે. હવે તા.૧૫ ફેબ્રુઆરીએ ઉમેદવારીપત્રોની ચકાસણી થયા બાદ કેટલા માન્ય અને અમાન્ય થાય છે. તેના માટે રાહ જોવી પડશે. આ અંગે ચૂંટણી શાખાના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ જિલ્લા પંચાયતની ૩૬ બેઠક માટે તમામ તાલુકાઓમાં મળી ૧૬૨ ઉમેદવારીપત્રો ભરાયા છે. જો કે, દરેક તાલુકાઓમાં બેઠકોની સંખ્યામાં વધઘટ હોવાને કારણે ઉમેદવારીપત્રો ભરવાની સંખ્યા પણ ઓછાવત્તી રહેવા પામી છે. આઠ તાલુકા પંચાયતોની બેઠકોની વાત કરીએ તો હિંમતનગર, ઈડર તાલુકામાં વિસ્તારની દૃષ્ટિએ તથા મતદારોની સંખ્યાને ધ્યાનમાં રાખીને આ બંને તાલુકામાં બેઠકોની સંખ્યા વધુ છે. આ વખતે સાબરકાંઠા જિલ્લામાં ત્રણ પૈકી હિંમતનગર નગરપાલિકાની ચૂંટણી ખૂબ જ રસસ્પદ અને રસાકસીવાળી બની રહેવાની શકયતા સેવાઈ રહી છે, ત્યારે પાલિકાના ૯ વોર્ડની ૩૬ બેઠક માટે ૧૨૧ ઉમેદવારીપત્રો ભરાયા છે. વડાલી પાલિકામાં ૧૦૪ જ્યારે તલોદ પાલિકાના બે વોર્ડમાં ફક્ત બે ઉમેદવારીપત્રો ભરાયા છે.

આણંદ નગરપાલિકામાં કોંગ્રેસે જાહેર કરેલ યાદીમાં ૧૫ કાઉન્સિલરાની ટિકિટ કપાઈ

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૧૩

સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાના છેલ્લા દિવસે બપોરે આણંદ જિલ્લા કોંગ્રેસે યાદી જાહેર કરીને મેન્ડેટ આપવામાં આવ્યા હતા.જો કે કોંગ્રેસે બળવોના થાય તે હેતુંથી છેલ્લીઘડીએ યાદી જાહેર કરતાંની સાથે કેટલાંક જૂના જોગીઓની મનની મનમાં રહી જવા પામી હતી. આણંદ નગરપાલિકામાં કોંગ્રેસમાથી ગત ટર્મમાં ૨૧ કાઉન્સિલરો જીત્યા હતા.તેમાંથી ૧૫ કાન્સિલરોની ટીકીટ કાપીને નવા તક આપવામાં આવતાં સૌ ચોકી ઉઠયા હતા. ખાસ કરીને કોંગ્રેસનું વર્ચસ્વ ધરાવતા વોર્ડ નં ૩ ,૪ અને ૫ માં કાઉન્સિલરોની ટીકીટ કાપવામાં આવી છે.

આણંદ પાલિકા કોંગ્રેસમાંથી બળવો કરીને ભાજપમાં ગયેલા વોર્ડ નં ૧૩ કેતન બારોટ સહિત જૂના જોગીઓના ટીકીટ કાપીને ભાજપની જેમ કોંગ્રેસે યુવા કાર્યકોરને મેદાનમાં ઉતાર્યા છે. જેને લઈને કોઈ ગણગણાટ જોવા મળ્યા મળી રહ્યો છે.

આણંદના કોંગ્રેસના ધારાસભ્ય કાંતિભાઈ સોઢા પરમારે જણાવ્યું હતું. કે આણંદ નગરપાલિકા વર્ષોથી ભાજપનું શાસન છે.પરંતુ આ વખતે કોંગ્રેસે યુવા નેતાઓને સથવારે પાલિકા કબ્જો મેળવવા માટે વધુ ને વધુ યુવા વર્ગને ટીકીટ આપવામાં આવી છે. જૂના કાઉન્સિલરોમાં માત્ર ૬ને રીપીટ કરવામાં આવ્યા છે. જયારે વોર્ડ નં૧૨માં વિક્રમસિંહ ગોહેલની જગ્યાએ તેમની પત્નીને ટીકીટ આપવામાં આવી છે.

કોંગ્રેસ દ્વારા વોર્ડ નં ૪માં પછાત વર્ગની બેઠક પર મુમતાઝબેન ઈસ્માઈલભાઈ મન્સુરી નામ યાદીમાં જાહેર કરાયુ હતું. જેથી તમામ જરૂરી દસ્તાવેજ સાથે ઉમેદવારી પત્ર ભરવા માટે ગયા હતા. તેઓ જ્ઞાતિ અંગેનો દાખલ પોતાના પતિનો રજૂ કર્યો હતો. પરંતુ ચૂંટણી અધિકારી દ્વારા દોઢ કલાકમાં તેમના પિતાના નામનો દાખલો રજૂ કરવાનું કહેતા મામલો ઘોંચમાં પડયો હતો.જેથી કોંગ્રેસે છેલ્લી ઘડીએ તેમની જગ્યાએ કાઉન્સિલર મંદીના બેન શેખનો ઉમેદવારી પત્ર ભરવાનો વખત આવ્યો હતો.

વડોદરાના સાવલીમાં પરિણીતા સાથે આડા સંબંધની શંકાએ યુવાનની હત્યા

વડોદરા, તા.૧૩

સાવલી તાલુકાના રાણીયા ગામે પરિણીતા સાથે આડાસંબંધની શંકાએ યુવાનની કરપીણ હત્યા નો બનાવ બનતા ચકચાર મચી જવા પામી હતી.

મળતી વિગતો અનુસાર, પોઇચા ગામે જયેશ ભોગીલાલ પટેલના ખેતરમાં કામ કરતા ૪૦ વર્ષીય સનાભાઈ નાયક તા.૧૦ની સાંજે ખેતરમાં બટાકા સાચવવા ગયા હતા અને ઘેર પરત ફર્યા ત્યારે માથામાંથી લોહી નીકળતું હતું.

આ અંગે પત્નીએ પૂછપરછ કરતા રાણિયા ગામની સીમમાં રહેતા સંજય રાઠોડે વાસનો બામ્બુ માથામાં માર્યો હોવાનું કહ્યું હતું ત્યારબાદ ઈજાગ્રસ્ત સનાભાઈને સયાજી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા જયાં ગઈકાલે સાંજે બેભાન અવસ્થામાં જ સનાભાઈ નું મોત થયું હતું.

મૃતક શનાભાઈની પત્ની મંજુલાએ પોલીસમાં આપેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે મારા પતિ સાથે અગાઉ સંજય રાઠોડ ની પત્ની આશા સાથે આડા સંબંધ બાબતે ઝઘડો થયો હતો તેની અદાવત રાખી સંજય રાઠોડે પતિને માર્યો હતો જે તે વખતે પતિ સાઈકલ પરથી પડી ગયો તેમ જણાવી સારવાર કરાવી હતી પરંતુ પોલીસે પૂછપરછ કરતા સંજયે માર માર્યો હતો તે કબૂલાત કરવી પડી હતી આ અંગે પોલીસે હત્યાનો ગુનો દાખલ કર્યો છે.

વિરપુર તાલુકા પંચાયતની બેઠકોની ચૂંટણીમાં કોંગ્રેસ-ભાજપમાં મોટાભાગના નવા ચેહરા

વિરપુર, તા.૧૩

જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીનુ બ્યુગલ ફુંકાઈ છે ઉમેદવારી નાં ધાવવાનો આજે છેલ્લો દિવસ હતો ભાજપ કોંગ્રેસ બંને પક્ષોએ નામાંકનપત્ર રજુ કરવા હોડ જામી હતી ત્યારે મહિસાગર જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં કોંગ્રેસની યાદી જાહેર ન થઈ હોવા છતાં અનેક ઉમેદવારોએ પોતાનું નામાંકનપત્ર રજુ કર્યુ હતું મહિસાગર જિલ્લા ભાજપ પ્રદેશ કાર્યાલયથી મંજુર કરેલી વિરપુર તાલુકાની ૧૮ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ૩ બેઠકો સત્તાવાર ઉમેદવારોની જાહેરાત કરી છે તો કોંગ્રેસ પક્ષે જિલ્લા પંચાયત ૩ બેઠકોની જાહેરાત કરી છે પણ તાલુકા પંચાયતની બેઠકો જાહેરાત ન કરતા તર્કવિતર્ક વહેતા થયા હતા ફોર્મ ભરવાના છેલ્લા દિવસે ગણતરીના કલાકોમાં કોંગ્રેસ પક્ષ દ્વારા બપોરે એક વાગ્યા પછી યાદી જાહેર કરતા હડકંપ મચી ગયો હતો તાલુકાની ૧૮ બેઠકો પર કોંગ્રેસે મોટાભાગના યુવાનો અને નવા ચહેરા તેમજ ક્ષત્રિય સમાજ ઉમેદવારો ને મેદાનમાં ઉતાર્યા છે તો સામે પક્ષે ભાજપ દ્વારા પણ મોટાભાગના પટેલ સમાજના અને ક્ષત્રિય સમાજના ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે કોંગ્રેસ અને ભાજપ ૧૮ તાલુકા પંચાયત સીટ માંથી લધુમતી સમાજના એક એક ઉમેદવારોને સીટ ફાળવી છે.

વિરપુર તાલુકામાં ટોટલ ૭૮ ફોર્મ ભરાયાં હતાં જેમાં ભાજપ- ૩૬, કોંગ્રેસ-૩૩, એનસીપી-૧ આપ-૧ અને અપક્ષ- ૭ જિલ્લા પંચાયત સીટ માટેના ૧૮ ફોર્મ ભરાયાં હતાં જેમાં ભાજપ - ૯, કોંગ્રેસ- ૫, આપ -૨ અને અપક્ષ-૨ ફોર્મ ભરાયાં હતાં.

ભરૂચમાં ચૂંટણી અંગે ઉમેદવારી ભરવાના અંતિમ દિવસે ઢોલ, નગારાના અવાજ ગુંજી ઊઠ્યા

ભરૂચ, તા.૧૩

યોજાનાર સ્થાનિક સ્વરાજની ચૂંટણી અંગે ઉમેદવારી ફોર્મ ભરવાનો અંતિમ દિવસ હતો. હજી ફોર્મ ચકાસણી અને ઉમેદવારી પાછી ખેંચવા અંગેની પક્રિયા હવે પછી થશે પરંતુ હાલ જે ઉમેદવાર નથી તે હવે ઉમેદવાર નહી જ હોય તે બાબત સ્પષ્ટ થઈ ગઈ છે. ત્યારે ઉમેદવાર અને તેમના ટેકેદારો વાજતા ગાજતા ફોર્મ ભરવા આવી પહોંચ્યા હતા. ભરૂચ નગરના શક્તિનાથથી રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ઉમેદવારો અને ટેકેદારોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા કઈ કેટલીયે વાર સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા ઉડી ગયા હતા પરસ્પર વિરોધી ઉમેદવાર પણ સામસામે આવી ગયા હતા. તેમ છતાં કોઈ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો. ઠેર-ઠેર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો ભરૂચ નગરપાલિકાની ચૂંટણી અંગે ૧૮૮ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા.

સુરેન્દ્રનગરમાં યૂથ કોંગ્રેસ પ્રમુખના પત્નીને ભાજપે ટિકિટ આપતાં વિવાદ

સુરેન્દ્રનગર, તા.૧૩

સુરેન્દ્રનગર જિલ્લામાં ભાજપે વોર્ડ નંબર ૧૩માં યૂથ કોંગ્રેસના પત્નીને ટિકિટ આપતાં અને વોર્ડ નંબર ચાર, તેરમાં ભરવાડ સમાજને ટિકિટ નહીં આપતાં સંગઠન સામે રોષ વ્યક્ત થયો છે. કોંગ્રેસ હજી સુધી બંધ બારણે રમી રહી છે જેથી બારોબાર ફોર્મ ભરતા સમયે મેન્ડેટ આપે તેવી શક્યતા દેખાઈ રહી છે. બીજી તરફ ટિકિટની વહેંચણી મામલે ભાજપમાં મોટાપાયે વિરોધ વંટોળ ચાલી રહ્યા છે. અનેક દિગ્ગજોને કાપી નાખી મોટા પાયે લોબિંગ થયું હોવાનું પણ દેખાઈ રહ્યું છે. ધ્રાંગધ્રાના વોર્ડ નંબર એકમાં ઉમેદવારી પાછી ખેંચેલી મહિલાને ટિકિટ આપી દેતાં પાટીદાર સમાજમાં ભારે રોષ છે. શહેરના તત્કાલીન પાલિકા પ્રમુખ વીપીન ટોલિયા હોસ્પિટલમાં હોવા છતાંય પિતા પુત્રને એકેય ટિકિટ નહીં આપતાં સમાજમાં પણ ભારે રોષ છે અને વઢવાણ શહેર યૂથ કોંગ્રેસના પ્રમુખના પત્નીને સુરેન્દ્રનગરના વોર્ડ નંબર ૧૩માં ભાજપે ટિકિટ આપતાં મોટાપાયે હોબાળો ચાલી રહ્યો છે.

મહેમદાવાદમાં ડીઝલ લેવા આવેલ વાઠવાડીના ત્રણ મિત્રોને કારે અડફેટે લેતા ૧નું મોત

નડિયાદ તા ૧૩

મેમદાવાદ તાલુકાના વાઠવાડી ગામમાં રહેતા ત્રણ મિત્રો સિહુજ નજીક આવેલા પેટ્રોલપંપ પર ગયા હતા. તે વખતે બાઈક પાસે આ ત્રણ જણા ઊભા હતા તે વખતે ઈકો કારે આ ત્રણેયને હડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો આ અકસ્માતમાં એકનું મોત થયું છે જ્યારે બેને ઈજા થઈ હતી. આ બનાવ અંગે મળતી માહિતી મુજબ મહેમદાવાદ તાલુકાના વાઠવાડી ગામમાં રહેતા ભેમશિહ રમણભાઈ રાઠોડ ડીઝલ લેવા માટે સિહુજ નજીક આવેલા એક પેટ્રોલ પંપ પાસે ગયા હતા. ત્યાં ડીઝલ લઈને ઘરે આવા રોડની સાઈડ ઉભા હતા તે વખતે તેમના ગામમાં રહેતા અને તેમના મિત્ર રામા તથા ભુપેન્દ્ર તડપદા મોટરસાયકલ લઈને ડીઝલ લેવા આવ્યા હતા. તે પણ વાતો કરવા ભેમ સિંહ પાસે ઊભા રહ્યા હતા આ ત્રણે મિત્રો વાતો કરતા હતા તે વખતે પુરપાટ ઝડપે આવેલી ઈક્કોગાડીના ચાલકે આ મિત્રોને અડફેટે લીધા હતા જેથી અકસ્માત સર્જાયો હતો આ અકસ્માતમાં ત્રણ મિત્રો ઘાયલ થયા હતા જે પૈકી ભુપેન્દ્રને ગંભીર ઈજા થતાં તેમનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું જ્યારે ભેમ સિંહ રાઠોડ અને રામાને ઈજા થતાં તેમને સારવાર માટે દાખલ કર્યા છે આ બનાવ અંગે મહેમદાવાદ પોલીસે ઈક્કો કારના ચાલક સામે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ ભાજપ પ્રમુખ ધનજી ગોહિલે પ્રમુખ પદેથી રાજીનામુ આપ્યું

ભરૂચ, તા.૧૩

ભરૂચ નગરપાલિકાની ચૂંટણીમાં ભરૂચ નગર ભાજપ પ્રમુખ ધનજી ગોહિલે ઉમેદવારી કરતા તેમણે ભાજપના નગર પ્રમુખ પદેથી રાજીનામુ આપ્યુ હતું. ભારતીય જનતા પાર્ટીના નગર પ્રમુખ ધનજી ગોહિલે નગરપાલિકાની ચૂંટણી જંગમાં વોડે નં-૮માંથી ઝંપલાવ્યું હોવાથી નગર પ્રમુખ પદેથી રાજીનામુ આપેલ હતુ. ભાજપ મોવડી મંડળ દ્વારા નક્કી કરાયેલા ક્રાઈટેરીયા અન્વયે પક્ષના જે હોદેદારો ચૂંટણી જંગમાં ઝંપલાવવા માગે તેઓએ હોદ્દા પરથી રાજીનામું આપવ પડશે જેના પગલે ધનજીભાઈ ગોહિલે શહેર પ્રમુખ પદેથી રાજીનામું આપ્યું હતું.

સયાજીગંજના વિઝા આપવાના બહાને ૯.૪૭ લાખની છેતરપિંડી કરનાર એજન્ટ સામે ફરિયાદ

વડોદરા, તા.૧૩

આણંદ ખાતે રહેતા પરેશકુમાર પટેલ ખેતી વ્યવસાય સાથે સંકળાયેલા છે તેઓએ નાણાં કમાવવા પત્ની સાથે લંડન જવા પ્લાન ઘડી સારા એજન્ટ ને શોધી રહ્યા હતા. તેમના મિત્ર રવિભાઈ બારોટ (રહે-નડિયાદ) અલંકાર ટાવરમાં ફોટોગ્રાફરની ઓફિસ હોવાથી તેમનો સંપર્ક સાધ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે મારી પાસે એક વિશ્વાસુ એજન્ટ છે તેણે ઘણા બધા માણસોનું સારૂં કામ કર્યું છે. તમારા કામની પણ હું બાહેધરી આપું છું. ત્યારબાદ તેમના મિત્રોએ ભાવેશ ઘનશ્યામ વાણંદ (રહે-વાણીયા શેરી, વાણંદ ફળિયું, વડોદરા)નો સંપર્ક સાધ્યો હતો અને વાતચીત દરમિયાન ૧૮ લાખનો ખર્ચો થશે તેમજ ટિકિટ પેટે એડવાન્સ ૧.૫૦ લાખ આપ્યા હતા. ત્યારબાદ દિલ્હી ખાતે પાઉન્ડમાં કન્વર્ટ કરવા ૨.૫૦ લાખ રૂપિયા જમા કરાવ્યા હતા. બે દિવસમાં ટિકિટ મળી જવાની ખાતરી આપતા તેઓએ દિલ્હી રોકાણ કર્યું હતું. પરંતુ ટિકિટ ન મળતા તેઓએ ભાવેશભાઈનો સંપર્ક સાધતા સંપર્ક થયો ન હતો. જેથી તેઓએ પોલીસનો સંપર્ક સાધતા ભાવેશે જણાવ્યું હતું કે તમે પોલીસ કેસ કર્યો છે તો હું રૂપિયા આપવાનો નથી. ફરિયાદના આધારે પોલીસે ભાવેશ કુમાર અને રવિ બારોટ વિરૂદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

તળાજાના દિહોર ગામે પાંચેક લૂંટારૂઓ વૃદ્ધ દંપતીને છરીની અણીએ લૂંટી ફરાર

ભાવનગર, તા.૧૩

ભાવનગર જિલ્લાના તળાજાના દિહોર ગામે વૃદ્ધ દંપતી ગતરાત્રીના સમયે સુતા હતા. દોઢેક વાગ્યાના અરસામાં આવેલા અજાણ્યા પાંચેક લૂંટારૂઓએ વૃદ્ધ દંપતીને માર મારી છરીની અણીએ રોકડ, સોના-ચાંદીના ઘરેણાંની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત વૃદ્ધને તળાજા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. દિહોર ગામે રહેતા પનોત નંદલાલભાઈ સુંદરજીભાઈ (ઉ.વ.૮૧) ગતરાત્રે પત્ની સાથે ઘરે સુતા હતા. રાત્રીના દોઢેક વાગ્યાના અરસામાં આવેલ પાંચેક અજાણ્યા લૂંટારૂઓ પૈકીના બે લૂંટારૂઓએ વૃદ્ધની છાતી પર ચઢી જઈ લમણાં ના ભાગે છરી મારી હતી. છાતીના ભાગે મૂંઢ માર મારેલ હતો. એક લૂંટારૂં વૃદ્ધા પર નજર રાખી હતી. બાકીના બે ઈસમો એ ઘરમાં ઘુસી દોઢેક કિલો ચાંદી, અઢી તોલા સોનુ, રોકડ બાર હજાર રૂપિયા લઈ ફરાર થઈ ગયા હતા. નંદલાલભાઈને લોહિયાળ અને મૂંઢ ઈજાના કારણે તળાજા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. બનાવને લઈ તળાજા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ભાવનગર-પાલીતાણા નગરપાલિકાની કચેરીમાં અજાણ્યા વ્યક્તિએ કોંગ્રેસ પ્રમુખના મેન્ડેટ ફાડ્યા

ભાવનગર, તા.૧૩

ભાવનગર-પાલીતાણા નગરપાલિકાની ચૂંટણી થવાની હોય, કોંગ્રેસ પ્રમુખ કરણ મોરી મેન્ડેટ જમા કરવા માટે નગરપાલિકા કચેરી જઈ રહ્યા હતા, ત્યારે કચેરી કમ્પાઉન્ડમાં કરણ મોરીના હાથમાંથી અજાણ્યા વ્યક્તિએ તેમના હાથમાંથી કોંગ્રેસ પક્ષનો મેન્ડેટ ઝૂંટવી અને ફાડી નાખ્યા હતા. એક કે બે મેન્ટેડ સિવાય તમામ મેન્ટેડ ફાડી નાખ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

MONARCH NETWORTH CAPITAL

મોનાર્ક નેટવર્થ કેપિટલ લિમિટેડ

CIN : L65920GJ1993PLC120014

કોર્પોરેટ ઓફિસ : ૯૦૧/૯૦૨, એટલાન્ટા સેન્ટર, ગોરેગાંવ (ઈ), મુંબઈ-૪૦૦૦૬૩, ફોન નં. ૧૦૨૨-૪૩૨૧ ૧૮૦૦;/

Email : cs@mnclgroup.com; / website : www.mnclgroup.com

એકલ અને એકત્રિત બિન ઓડીટ થયેલ નાણાંકીય પરિણામોની તારવણી ત્રિમાસિક અને નવ મહિના ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૦ સંપૂર્ણ થવા માટે

(રૂ.લાખમાં સિવાય ઈપીએસ)

ક્રમ નં.	વિગત	એકલ			એકત્રિત		
		૩૧-૧૨-૨૦૨૦ના પૂરા થતાં ત્રિમાસિક	૩૧-૦૩-૨૦૨૦ના પૂરા થતાં વર્ષ	૩૧-૧૨-૨૦૧૯ના પૂરા થતાં ત્રિમાસિક	૩૧-૧૨-૨૦૨૦ના પૂરા થતાં ત્રિમાસિક	૩૧-૦૩-૨૦૨૦ના પૂરા થતાં વર્ષ	૩૧-૧૨-૨૦૧૯ના પૂરા થતાં ત્રિમાસિક
		બિન ઓડીટેડ	ઓડીટેડ	બિન ઓડીટેડ	બિન ઓડીટેડ	બિન ઓડીટેડ	બિન ઓડીટેડ
૧.	કામગીરીમાંથી મળેલ કુલ આવક (નેટ)	1,671.04	5,461.00	1,161.25	1,767.56	6,488.69	1,407.47
૨.	ચોખ્ખો નફો/ (નુકસાન) ગાળા માટે (વેરા પહેલા અપવાદરૂપ અને / અથવા અસાધારણ વસ્તુ)	337.08	221.86	(15.88)	368.02	356.95	(4.29)
૩	ચોખ્ખો નફો (નુકસાન) વેરા પહેલાના ગાળા માટે, (અપવાદરૂપ પછી અને / અથવા અસાધારણ વસ્તુ)	336.98	216.75	(15.89)	367.92	351.85	(4.29)
૪.	ચોખ્ખો નફો (નુકસાન) વેરા પછીના ગાળા માટે (અપવાદ પછી અને/ અથવા અસાધારણ વસ્તુ)	266.26	122.97	(21.99)	296.41	225.05	(17.16)
૫.	સમયગાળા માટે કુલ સંયુક્ત આવક (સંયુક્ત નફો/ નુકસાન સમયગાળા માટે (વેરા પછી) અને અન્ય સંયુક્ત આવક (વેરાપછી)	277.46	88.77	(22.57)	307.61	190.94	(17.70)
૬.	ભરાયેલ ઈક્વિટી શેર મૂડી (દરેકના રૂા.૧૦ની ફેશ વેલ્યુ)	3,104.95	3,104.95	3,104.95	3,104.95	3,104.95	3,104.95
૭.	પ્રતિ ઈક્વિટી શેર ટીઇ આવક રૂા.૧૦-/ (વાર્ષિક નથી)						
૮.	બેસીક અને પાતળું (અસાધારણ વસ્તુ પહેલા)	0.89	0.29	(0.07)	0.99	0.61	(0.06)
૯.	બેસીક અને પાતળું (અસાધારણ વસ્તુ પછી)	0.89	0.29	(0.07)	0.99	0.61	(0.06)

નોંધ : ઉપરોકત ત્રિમાસીક બિનઓડીટ થયેલ નાણાંકીય પરિણામોની તારવણીનું વિગતવાર ફોરમેટ સેબીના નિયમ ૩૩ (જવાબદારીની યાદી અને અન્ય જાહેર જરૂરીયાતો) રેગ્યુલેશન ૨૦૧૫ હેઠળ બોમ્બે સ્ટોક એકસચેન્જ લિમિટેડ સાથે ફાઈલ કરેલ છે. નાણાંકીય પરિણામો સંપૂર્ણ ફોરમેટ નીચે દર્શાવેલ વેબલીંક ઉપર ઉપલબ્ધ છે.
(૧) બીએસઈ લિમિટેડ ઉપર : https://beta.bseindia.com/stock-shre-price/monarch-networh-capital-ltd/monarch/511551/ (૨) કંપનીની વેબસાઈટ ઉપર : https://www.mnclgroup.com/investor-relation/investor-relation-financials-quaterly-results

તારીખ : ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૧
સ્થળ : મુંબઈ

બોર્ડ ઓફ ડાયરેક્ટરના ચુકતથી મોનાર્ક નેટવર્થ કેપિટલ લિમિટેડ વતી સહી
વૈભવ શાહ મેનેજિંગ ડાયરેક્ટર

BHANDERI INFRACON LIMITED

Regd. Office : B/12, Jabuka Complex, Nr. Bajrang Ashram, Below Vikas School, Nh-8, Thakkarbapanagar, Ahmedabad -382350 (CIN: L45201GJ2004PLC044481)

EXTRACT OF UNAUDITED CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE HALF YEAR ENDED 30TH SEPTEMBER, 2020

PART I (Rs.in Lacs)

SR. NO.	PARTICULARS	Half Year Ended			Year Ended
		Unaudited	Audited	Unaudited	Audited
		30-Sep-20	31-Mar-20	30-Sep-19	31-Mar-20
1	Total Income from Operation	221.32	408.43	220.25	626.89
2	Net Profit for the Period (before Tax,